# વાયબ્રન્ટ ગુજરાત સમિટ મોકૂફ

## કોરોના મહામારીનું સંક્રમણ વધે નહીં તેવા હેતુસર મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પરિસ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા

ગાંધીનગર, તા.૬

રાજ્યમાં કોરોના સંક્રમણની સ્થિતિમાં પાછલા એકાદ સપ્તાહથી ફરી વધારો થયો છે. રાજ્ય સરકાર દ્વારા સઘન રસીકરણ, ટ્રેસિંગ અને ટ્રેકિંગના પગલે સ્થિતિ મહદઅંશે નિયંત્રણમાં છે અને ગઈકાલે રાજ્યમાં કોરોના દરદીઓનો સાજા થવાનો રિવકરી રેટ ૯૭.૪૮ ટકા જેટલો થયો છે. કોરોના સંક્રમણ સાથે નવો વેરિએન્ટ એમિક્રોનના કેસો પણ જોવા મળ્યા છે અને તેના રોગીઓની સારવાર, આઈસોલેશન વગેરે માટે રાજ્યનું સમગ્ર વહિવટીતંત્ર પૂર્ણ તકેદારી રાખી રહ્યું છે વિશ્વભરમાં આ મહામારીના કેસો ફરી પાછા વધવા લાગ્યા છે અને વિવિધ રાષ્ટ્રોમાં પણ સંક્રમણ વધ્યું છે. કોરોના અને એમિક્રોનના આ વાયરસનો વ્યાપ રાજ્યમાં વધુ ન ફેલાય તેની સંપૂર્ણ તકેદારી રાખીને અને આ મહામારીનું સંક્રમણ વધે નહીં તેવા હેતુસર મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ આ બધી જ બાબતોને લક્ષમાં લેતાં રાજ્યના સૌ નાગરિકોના વિશાળ હિતમાં આગામી તા. ૧૦ થી ૧૨ જાન્યુઆરી ૨૦૨૨ દરમિયાન યોજાનારી ૧૦મી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ હાલ પૂરતી મોકૂફ રાખવાનો નિર્ણય કર્યો છે.



## રિવરફ્રન્ટ પરના ફલાવર શૉ-પતંગોત્સવ રદ કરાયા

કોરોનાના વિસ્ફોટ વચ્ચે ગુજરાત સરકારે વાઈબ્રન્ટ સમિટ ૨૦૨૨ મોકૂફ રાખવાની જાહેરાત કરી છે. ત્યારે અમદાવાદના રિવરફ્રન્ટ પર યોજાતા ફલાવર શોને પણ રદ કરવામાં આવ્યો છે. અમદાવાદ મહાનગરપાલિકાએ ફલાવર શો રદ કરવાની જાહેરાત કરી છે. વાઈબ્રન્ટ સમિટના પગલે મોડે-મોડે પણ, એએમસીએ આખરે ફલાવર શો રદ કરવાનો નિર્ણય કર્યો છે. આ સાથે જ અમદાવાદમાં યોજાનાર પતંગોત્સવ પણ રદ કરવામાં આવ્યો છે.


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૯૬ | ૭ જાન્યુઆરી, ૨૦૨૨, શુક્રવાર; પોષ સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# અધધ... દેશમાં કોરોનાના દૈનિક કેસ ૧ લાખને પાર

### દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૯૦૯૨૮ કેસ નોંધાયા : મહારાષ્ટ્ર-દિલ્હીમાં ઓમિક્રોનના વધુ ૭૯૭-૪૬૫ કેસ : ઓમિક્રોનના ૨૬૩૦ દર્દીમાંથી ૯૯૫ સ્વસ્થ થયા છે

નવી દિલ્હી,તા.૬

દેશમાં જીવલેણ કોરોનાવાયરસ રોગચાળાની ગતિ બેકાબૂ બની રહી છે. આ સાથે, કોરોનાના સૌથી ખતરનાક પ્રકાર ઓમિક્રોનના કેસ પણ ઝડપથી વધી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના ૯૦ હજાર ૯૨૮ નવા કેસ નોંધાયા છે. તે જ સમયે, ૩૨૫ લોકો મૃત્યુ પામ્યા હતા. જાણો આજે દેશમાં કોરોનાની તાજેતરની સ્થિતિ શું છે. ઓમિક્રોન વેરિઅન્ટની વાત કરીએ તો દેશમાં કેસની સંખ્યા વધીને ૨,૬૩૦ થઈ ગઈ છે. મહારાષ્ટ્ર અને દિલ્હીમાં ઓમિક્રોનના સૌથી વધુ ૭૯૭ અને ૪૬૫ કેસ છે. ઓમિક્રોનના ૨,૬૩૦ દર્દીઓમાંથી ૯૯૫ દર્દીઓ સ્વસ્થ થયા છે. જે પાંચ રાજ્યોમાં કોરોનાના કેસમાં સૌથી વધુ ઉછાળો આવ્યો છે તેમાં મહારાષ્ટ્ર (૨૬,૫૩૮ નવા કોરોના કેસ), પશ્ચિમ બંગાળ (૧૪,૦૨૨ કેસ), દિલ્હી (૧૦,૬૬૫ કેસ), તમિલનાડુ (૪,૮૬૨ કેસ) અને કેરળ (૪,૮૦૧ કેસ)નો સમાવેશ થાય છે. નવા ૯૦,૯૨૮ કેસમાંથી ૬૬.૯૭ ટકા માત્ર પાંચ રાજ્યોમાંથી આવ્યા છે. આમાં માત્ર ૨૯.૧૯ ટકા કેસ મહારાષ્ટ્રના છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા આંકડા અનુસાર, હવે દેશમાં સક્રિય કેસની સંખ્યા વધીને બે લાખ ૮૫ હજાર ૪૦૧ થઈ ગઈ છે. તે જ સમયે, આ રોગચાળાને કારણે જીવ ગુમાવનારા લોકોની સંખ્યા વધીને ૪ લાખ ૮૨ હજાર ૮૭૬ થઈ ગઈ છે. માહિતી અનુસાર, ગઈકાલે ૧૯ હજાર ૨૦૬ લોકો સાજા થયા હતા, ત્યારબાદ અત્યાર સુધીમાં ૩ કરોડ ૪૩ લાખ ૪૧૧ હજાર ૯ લોકો ચેપ મુક્ત થઈ ગયા છે. દેશવ્યાપી રસીકરણ અભિયાન હેઠળ, અત્યાર સુધીમાં એન્ટી-કોરોનાવાયરસ રસીના ૧૪૮ કરોડથી વધુ ડોઝ આપવામાં આવ્યા છે. ગઈકાલે ૯૧ લાખ ૨૫ હજાર ૯૯ ડોઝ આપવામાં આવ્યા હતા, ત્યારબાદ અત્યાર સુધીમાં રસીના ૧૪૮ કરોડ ૬૭ લાખ ૮૦ હજાર ૨૨૭ ડોઝ આપવામાં આવ્યા છે.



## ઓમિક્રોન સામાન્ય શરદી નથી, તેને હળવાશમાં ન લો : ડબલ્યુએચઓ

**WHOની ચીફ સાયન્ટિસ્ટ ડો. સૌમ્યા સ્વામિનાથને જણાવ્યું કે, ઓમિક્રોનને કારણે હેલ્થ સિસ્ટમ ધ્વસ્ત થઈ શકે છે**

નવી દિલ્હી,તા.૬

દુનિયાભરમાં ઓમિક્રોનનો ફફડાટ જોવા મળી રહ્યો છે, અને દુનિયાભરના અનેક દેશોમાં કોરોના કેસોની સુનામી આવી રહી છે. ઓમિક્રોનમાં સામાન્ય શરદી જેવાં લક્ષણો જોવા મળે છે, જેમ કે માથું દુઃખવું, ગળામાં ખરાશ, નાક વહેવું, થાક લાગવો અને સતત છીંક આવવી. આ લક્ષણોને કારણે લોકો એમ સમજે છે કે તેઓને સામાન્ય શરદી થઈ હશે. પણ બુધવારે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને ચેતવણી આપતાં કહ્યું છે કે, ઓમિક્રોન કોઈ સામાન્ય શરદી નથી અને તેને હળવાશમાં લેવી ન જોઈએ. અમેરિકાના ડિસીઝ કંટ્રોલ અને પ્રિવેન્શન એનાલિસિસ સેન્ટરના અનુસાર ઓમિક્રોન વેરિયન્ટના ચાર સૌથી સામાન્ય લક્ષણ કફ, થાક, લોહી જામી જવું અને વહેતું નાક છે. આ ઉપરાંત યુકેની ઝો કોવિડ એપે દ્વારા સ્ટડી કર્યા બાદ આ લક્ષણોમાં ઉબકાં આવવા અને ભૂખ ન લાગવી જેવા લક્ષણો પણ ઉમેરવામાં આવ્યા છે. સાઉથ આફ્રિકા, અમેરિકા અને ઈંગ્લેન્ડમાં કરવામાં આવેલા અનેક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, સૌથી વધારે સંક્રમિત વેરિયન્ટને કારણે કોરોના ઝડપથી ફેલાઈ રહ્યો છે, અને તેમાં સામાન્ય લક્ષણો જોવા મળે છે અને દર્દીઓને

● અનુસંધાન પાન-૭ પર

### દેશમાં કોને કોને કોરોના પોઝીટીવ

- રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોત અને તેમના પુત્ર કોરોનાથી સંક્રમિત.
- કેન્દ્રિય મંત્રી અને અપનાદળના અધ્યક્ષ અનુપ્રિયા પટેલ કોરોના પોઝીટીવ.
- ખેડા જિલ્લા પંચાયતના પ્રમુખ નયનાબેન પટેલ કોરોનાથી સંક્રમિત.
- ટીએમસી સાંસદ અને બંગાળી અભિનેત્રી નિમી ચક્રવર્તી કોરોનાથી સંક્રમિત.
- અમદાવાદ શહેર ભાજપના પ્રમુખ અમિત શાહ સહિત ૪૦ નેતાઓ કોરોનાથી સંક્રમિત. ખાડિયાના પૂર્વ ધારાસભ્ય ભૂષણ ભટ્ટ કોરોનાથી સંક્રમિત.
- ચંદીગઢની હોસ્પિટલોમાં ૧૪૬ ડૉક્ટર અને સ્ટાફ કોરોનાથી સંક્રમિત.
- કેન્દ્રિય રાજ્ય આરોગ્યમંત્રી ભારતી પ્રવિણ પવાર કોરોનાથી સંક્રમિત.
- મુંબઈના ૭૧ પોલીસકર્મીઓ કોરોનાથી સંક્રમિત.
- કડી સર્વવિશ્વવિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ પટેલ કોરોના પોઝીટીવ

## ઈટાલીથી અમૃતસર આવેલી ફલાઈટમાં ૧૨૫ને કોરોના

### ઓમિક્રોનની ગંભીર દેશમાં દેખાવા લાગી : તમામ ૧૨૫ કોરોના પોઝિટિવ મુસાફરોને આઇસોલેટ કરાયા અને તેમના સેમ્પલ ઓમિક્રોન ટેસ્ટ માટે મોકલાયા

ચંદીગઢ, તા.૬

દક્ષિણ આફ્રિકાથી આવેલો ઓમિક્રોન વેરિયન્ટ દેશના મોટાભાગના રાજ્યોમાં ફેલાઈ ચૂક્યો છે. જેની ગંભીર અસર હવે આખા દેશમાં જોવા મળી રહી છે. રાજ્ય સ્તરે ઓમિક્રોનના વધી રહેલા કેસ હવે મોટા પડકાર તરીકે સામે આવી રહ્યા છે. એવામાં પંજાબ રાજ્યના અમૃતસરમાંથી બહુ મોટી ઘટના સામે આવી છે. ગુરુવારે ઈટાલીથી અમૃતસર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર પહોંચેલી ફલાઈટમાં ૧૨૫ મુસાફરો કોરોનાથી સંક્રમિત જણાયા છે. આ ફલાઈટમાંથી કુલ ૧૮૦ ઉતર્યા હતા, જેમાંથી ૧૨૫ મુસાફરો કોરોનાથી સંક્રમિત જણાતાં એરપોર્ટ પર ભારે દોડધામ મચી ગઈ હતી. માહિતી મુજબ તમામ ૧૨૫ કોરોના પોઝિટિવ મુસાફરોને આઈસોલેટ કરવામાં આવ્યા છે અને એમના સેમ્પલ ઓમિક્રોન ટેસ્ટ માટે મોકલી દેવાયા છે. રિપોર્ટ અનુસાર, ગુરુવારે ગુરુ રામદાસ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ઈન્ટરનેશનલ ચાર્ટર્ડ ફલાઈટે લેન્ડિંગ કર્યું હતું. જેમાં ઈટાલીથી પરત ફરેલા ૧૮૦ મુસાફરો સવાર હતા. તમામ મુસાફરોનો એરપોર્ટ પર જ આરટી-પીસીઆર કરવામાં આવ્યો હતો. જે પછી ૧૨૫ મુસાફરોનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો.

આટલા મોટા પ્રમાણમાં મુસાફરો કોવિડથી સંક્રમિત જણાતાં એરપોર્ટ ઓથોરિટીના પણ હાજા ગગડી ગયા હતા. પરિસ્થિતિને સંભાળતા એરપોર્ટ ઓથોરિટીએ તમામ પોઝિટિવ મુસાફરોને આઈસોલેટ કરવાની તાબડતોડ વ્યવસ્થા કરી હતી. કેટલાક મુસાફરોને અહીં જ ક્વારન્ટીન કરવામાં આવ્યા છે જયારે બાકીના સંક્રમિત મુસાફરોને એમના જિલ્લામાં ક્વોરન્ટીન કરવાની વ્યવસ્થામાં ટીમો સક્રિય બની છે.

હાલમાં અન્ય રાજ્યોની જેમ પંજાબમાં પણ કોરોના કેસમાં ધરખમ વધારો થઈ રહ્યો છે. રાજ્યમાં પરિસ્થિતિ એટલી ગંભીર બની ચૂકી છે કે શાળાઓ પણ બંધ કરી દેવામાં આવી છે અને રાત્રિ કર્ફ્યુ લગાવી દેવામાં આવ્યું છે.

### ઓમિક્રોનના લીધે દેશમાં ઉદેપુરના વૃદ્ધનું પ્રથમ મોત

ઉદયપુર, તા.૬

રાજસ્થાનના ઉદેપુરમાં ઓમિક્રોનને કારણે પ્રથમ દર્દીનું મોત નિપજ્યું છે, અને દેશમાં પણ કોવિડ-૧૯ના નવા વેરિયન્ટ ઓમિક્રોનને કારણે થયેલ પ્રથમ મોત છે. ૧૫ ડિસેમ્બરે ઉદયપુરના સવિના વિસ્તારના ૭૩ વર્ષીય વૃદ્ધને આરએનટી મેડિક કોલેજ સાથે સંકળાયેલી એમબી ગર્વમેન્ટ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. દાખલ થતાંની સાથે ડોકટરોએ તેમનો કોરોનો ટેસ્ટ કર્યો હતો અને તેઓનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો.

## નરેન્દ્ર મોદીનો બદલાયેલો રૂટ લિક થવા ઉપર સવાલ

### બીકેયુના ક્રાંતિકારીઓનો વીડિયો સામે આવ્યો જેમાં પ્રદર્શનકારીઓ પીએમના પોસ્ટર્સ ફાડતા જોવા મળી રહ્યા છે

નવી દિલ્હી/ચંડીગઢ, તા.૬

પંજાબના હુસૈનીવાલામાં બુધવારે એક ફલાયઓવર પર પીએમ નરેન્દ્ર મોદીનો કાફલો ફસાયેલો રહ્યો. ત્યારબાદ ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ આમને સામને આવી ગયા છે. આ બધા વચ્ચે ભારતીય કિસાન યુનિયન ક્રાંતિકારીઓનો એક વીડિયો સામે આવ્યો છે. જેમાં પ્રદર્શનકારીઓ રસ્તા પર લાગેલા પીએમ મોદીના પોસ્ટર્સ ફાડતા જોવા મળી રહ્યા છે. પંજાબ સરકારે જો કે આ મામલે તપાસ માટે ઉચ્ચ સ્તરીય કમિટીની રચના કરી છે.

પંજાબમાં પીએમ નરેન્દ્ર મોદીની સુરક્ષામાં ચૂક પર સીએમ ચરણજીત સિંહ ચન્નીના દાવાનો પોલ ખોલતા વીડિયોમાં પ્રદર્શનકારીઓ પોસ્ટર ફાડતા જોવા મળી રહ્યા છે. ત્યારબાદ એ સવાલ ઉઠવા લાગ્યો છે કે શું પ્રદર્શનકારીઓને પહેલેથી ખબર હતી કે પીએમ મોદીનો કાફલો અહીંથી પસાર થવાનો છે.

પંજાબ સરકારે પીએમ મોદીના ફિરોઝપુર પ્રવાસ દરમિયાન થયેલી ચૂક માટે ઉચ્ચ સ્તરીય કમિટીની રચના કરી છે. સમિતિમાં રિટાયર્ડ જજ

● અનુસંધાન પાન-૭ પર


Rudralife®
Rudraksha power for you Presents...
27th ગુજરાત રૂદ્રાક્ષ મહોત્સવ
રૂદ્રાક્ષ મહોત્સવ
ગાંધીનગરમાં 5 થી 10 જાન્યુઆરી 2022
સફળતા, સિદ્ધિ, સ્વાસ્થ્યની પ્રાપ્તિ માટે રૂદ્રલાઈફના પેનલ એક્સ્પર્ટસ દ્વારા વ્યક્તિગત રૂદ્રાક્ષ કોમ્બિનેશન અંગેનું ફ્રી માર્ગદર્શન
અલભ્ય અને અનન્ય રૂદ્રાક્ષના અનોખા પ્રદર્શનની યાદગાર મુલાકાત માટે હાર્દિક નિમંત્રણ
ટેરાકોટા રેસ્ટોરન્ટ, પ્રમુખ આર્કેડ ૨, રિલાયન્સ પાસે, ક્રોસ રોડ, કુડાસણ
સમય : સવારે 10-00 થી સાંજે 8-00 (Sunday Open) સંપર્ક : M.: 93227 91218 / 93200 77018
ભગવાન શિવના અશ્રુ સ્વરૂપ રૂદ્રાક્ષ કુદરતની એક અમુલ્ય ભેટ છે કે જે વર્ષોથી માનવીને સામર્થ્ય બનાવે છે.
શિવપુરાણ મુજબ તમામ ધર્મના સ્ત્રી-પુરુષો અને બાળકોએ રૂદ્રાક્ષ ધારણ કરવા જોઈએ.
રૂદ્રલાઈફના સફળ કોમ્બીનેશન માળાઓ ધારણ કરી વિશ્વભરના હજારો લોકોએ સફળતા અને સિદ્ધિના પરિણામો પ્રાપ્ત કર્યાના દાખલા ઉપલબ્ધ છે.
પાવર કોમ્બિનેશન્સ
સરસ્વતિ બંધ® (વિદ્યાર્થીઓ માટે)
આગ્યા ચક્ર® (ઉદ્યોગપતિઓ માટે)
દુર્ગા શક્તિ® (કામ કરતી મહિલાઓ માટે)
સ્વાસ્થય બંધ® (સારા સ્વાસ્થય માટે)
સૂર્ય શક્તિ® (નામ અને સફળતા માટે)
ઓગણીસ મુખી રૂદ્રાક્ષ
દોષ નિવારક® (રક્ષણ અને નકારાત્મકતા દુર કરવા માટે)
સત્તર મુખી રૂદ્રાક્ષ
Stages Of Rudraksha
www.rudralife.com
Accomplishments of Rudralife
- રૂદ્રાક્ષની જાણકારીનો વિશ્વભરમાં પ્રચાર પ્રસાર કરતી અગ્રગણ્ય સંસ્થા
- ભારત અને વિદેશોમાં 950થી વધુ રૂદ્રાક્ષ પ્રદર્શનનું આયોજન
- ISO 9001 : 2015 પ્રમાણીત પ્રયોગશાળામાં પરીક્ષણ કરીને અસલી અને ગુણવત્તાવાળા રૂદ્રાક્ષ ઉપલબ્ધ કરાવતી એકમાત્ર સંસ્થા
- પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિક તથા ઓનલાઈન માધ્યમોમાં સૌથી વધુ ખ્યાતનામ બનેલ સંસ્થા
Follow us: www.rudralife.com | Note: All Covid-19 protocols followed.


## દેશમાં હોસ્પિટલમાં દાખલ થતાં દર્દીઓની સંખ્યા વધી

### દેશભરમાં કોરોનાના કેસ વધ્યા : ચેન્નાઈ, અમદાવાદ, મુંબઈ, કોલકાતા અને દિલ્હી જેવા શહેરોમાં કોરોનાના સંક્રમણમાં ઝડપથી વધારો નોંધાઈ રહ્યો છે

નવી દિલ્હી,તા.૬

એમ્બ્યુલન્સની સાયરનનો અવાજ થોડો વધારે આવવા લાગ્યો છે. હોસ્પિટલ ઈમરજન્સી રૂમ વધુ વ્યસ્ત બની રહ્યા છે. ધસારો લગભગ અનિવાર્ય છે કારણ કે, ચેન્નાઈ, અમદાવાદ, મુંબઈ, કોલકાતા અને દિલ્હી જેવા શહેરોમાં કોરોના વાયરસના સંક્રમણમાં ઝડપથી વધારો નોંધાઈ રહ્યો છે. પરંતુ મોટાભાગના કેસ હળવા લક્ષણો ધરાવતા હોય છે અને થોડા દર્દીઓને જ વેન્ટિલેટર અને ઓક્સિજન સપોર્ટની જરૂર પડે છે. ચેન્નાઈની હોસ્પિટલોમાં દર્દીઓની સંખ્યામાં ત્રણ ગણો વધારો નોંધાયો છે. ત્રણ જાન્યુઆરીએ દર્દીઓની સંખ્યા ૧,૭૫૪ હતી. ચોથી જાન્યુઆરીએ દર્દીઓની સંખ્યા ૧,૯૩૧એ પહોંચી હતી. આ સાથે તમિલનાડુમાં ચાર મહિના પહેલા ૪ ટકાની સરખામણીમાં કુલ બેડના ૧૪ ટકા બેડ ઓક્યુપાઈ હતા.

ઉપરાંત એક મહિના પહેલા ૬ ટકાની સરખામણીમાં રાજ્યમાં ઓક્સિજન બેડમાંથી પાંચમા ભાગમાં દર્દીઓ હતો. દિલ્હી સરકારની સૌથી મોટી કોવિડ હોસ્પિટલ, લોક નાયક જય પ્રકાશ નારાયણ હોસ્પિટલમાં નવેમ્બરના અંતમાં કોરોનાના ૧૦ દર્દીઓ હતા. તે હવે ૭૦ પર પહોંચી ગયા હોવાથી સરકારે ૫૦થી વધુ બેડ ધરાવતી હોસ્પિટલો અને નર્સિંગ હોમને તેમાંથી ૪૦ ટકા કોવિડ કેસ માટે રિઝર્વ રાખવા જણાવ્યું છે, કારણ કે બીજીલહેર દરમિયાન પણ આમ કરવામાં આવ્યું હતું.

## મહારાષ્ટ્રના કેટલાક ધારાસભ્યો પક્ષના મંત્રીઓથી ભારે નારાજ

### કોંગ્રેસમાં ઠેર-ઠેર આંતરિક વિખવાદ : મહારાષ્ટ્ર કોંગ્રેસના મંત્રીઓ સામે નારાજ ધારાસભ્યોએ દિલ્હી જઈને હાઈકમાન્ડને ફરિયાદ કરવાનુ નક્કી કર્યુ

નવી દિલ્હી, તા.૬

કોંગ્રેસ એક રાજ્યમાં અસંતોષની આગને માંડ ઠારે છે ત્યારે બીજા રાજ્યમાં જુથવાદ ભભૂકી ઉઠે છે. હવે મહારાષ્ટ્રનો વારો આવ્યો છે.મહારાષ્ટ્ર કોંગ્રેસના કેટલાક ધારાસભ્યો પોતાની જ પાર્ટીના મંત્રીઓથી નારાજ હોવાના અહેવાલ સામે આવ્યા છે.

સૂત્રોનુ કહેવ છેકે, આ મંત્રીઓ સામે નારાજ ધારાસભ્યોએ દિલ્હી જઈને હાઈકમાન્ડને ફરિયાદ કરવાનુ નક્કી કર્યુ છે.મળતી વિગતો પ્રમાણે આઠેક ધારાસભ્યો પોતાના જ મંત્રીઓથી નારાજ છે.તેમણે રાહુલ ગાંધી પાસે પણ મુલાકાત માટે સમય માંગ્યો છે. ૧૦ દિવસ પહેલા પણ તેમણે દિલ્હીમાં પોતાના મંત્રીઓ સામે ફરિયાદ કરી હતી.

તેમનુ કહેવુ છે કે, મંત્રીઓ અમારી ઉપેક્ષા કરી રહ્યા છે. આમ તો ધારાસભ્યોએ રાજ્યના કોંગ્રેસ ,અધ્યક્ષ સમક્ષ ફરિયાદ કરવાની હોય છે પણ હવે તેમણે સીધા દિલ્હીનો સંપર્ક કરવાનુ નક્કી કર્યુ છે.જેનાથી એવી અટકળો શરુ થઈ છે કે, ધારાસભ્યોને રાજ્યના પ્રદેશ અધ્યક્ષ નાનાસાહેબ પટોળે પાસેથી ન્યાય મળે તેવી આશા નથી.